# વર્ષ ૨૦૧૩ – ૨૦૧૪

# પ્રથમ અપીલ હુકમોઃ

# RTI CELL
# SCIENCE CENTRE SURAT
**અપીલ અરજી નં. C.C.C./ C.ZONE/ OUT/ 826, તા.૦૪/૧૦/૧૩**

**અરજદાર:–** શ્રી મેહુલ વી. પટેલ
**સામાવાળા:–** જાહેર માહિતી અધિકારી અને કયુરેટર શ્રી દિવ્યેશકુમાર એસ. ગામેતી
સાયન્સ સેન્ટર સુરત.

**ફરીયાદની હકીકત:–**

**વિષય:–** રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ ૨૦૦૫ હેઠળની શ્રી મેહુલ વી. પટેલની તા.૦૭/૦૯/૨૦૧૩ ની અરજી "મ્યુ. કમિશ્નરશ્રી મનોજકુમાર દાસ સુરત મ્યુ. કમિશ્નર તરીકે જોડાયા ત્યારથી તા.૦૧/૦૯/૨૦૧૩ સુધીમાં સુરત મહાનગરપાલિકા દ્વારા પાલિકાના કયા કયા અધિકારીઓ / કર્મચારીને શો–કોઝ /કારણદર્શક નોટીસ આપવામાં આવી અને કાયદેસરની કાર્યવાહી / ખાતાકિય તપાસ કરવામાં આવી હોય તે તમામની પ્રમાણિત નકલ તથા એ નોટીસના જવાબમાં અધિકારીઓ / કર્મચારીએ આપેલ જવાબોની પ્રમાણિત નકલો આપવા બાબત વિગેરે" માહિતીના મુદ્દા અંગેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ:–** ૧) અરજદાર શ્રી મેહુલ વી. પટેલની તા.૦૭/૦૯/૨૦૧૩ ની અરજી નં.ડી/ ૫૫૨૮.
**૨)** જાહેર માહિતી અધિકારી અને કયુરેટરનાં પત્ર સા.સે.આ.નં.૮૬૮, તા.૨૨/૦૯/૨૦૧૩.
૩) અરજદારની અપીલ અધિકારી અને ચીફ કયુરેટરને કરેલી પ્રથમ અપીલ સા.સે.ઈ.નં.૯૯૮, તા.૧૮/૧૦/૨૦૧૩
૪) અપીલ અધિકારી અને ચીફ કયુરેટરનો પત્ર સા.સે.આ.નં.૯૮૭, તા.૨૬/૧૦/૨૦૧૩.

શ્રી મેહુલ વી. પટેલની તા.૦૭/૦૯/૨૦૧૩ ની **અરજી ક્રમાંક ડી/૫૫૨૮** અન્વયે''મ્યુ. કમિશ્નરશ્રી મનોજકુમાર દાસ સુરત મ્યુ. કમિશ્નર તરીકે જોડાયા ત્યારથી તા.૦૧/૦૯/૨૦૧૩ સુધીમાં સરત મહાનગરપાલિકા દ્વારા પાલિકાના કયા કયા અધિકારીઓ / કર્મચારીને શો–કોઝ /કારણદર્શક નોટીસ આપવામાં આવી અને કાયદેસરની કાર્યવાહી / ખાતાકિય તપાસ કરવામાં આવી હોય તે તમામની પ્રમાણિત નકલ તથા એ નોટીસના જવાબમાં અધિકારીઓ / કર્મચારીએ આપેલ જવાબોની પ્રમાણિત નકલો આપવા બાબત વિગેરે'' માહિતીના મુદ્દા અંગેની માહિતી આપવા બાબતે મળેલ માહિતી અધુરી અને અસંતોષકારક હોવાનું જણાવી નારાજ થઈ અપીલ અધિકારીને તા.૦૪/૧૦/૨૦૧૩ નાં રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીનાં અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ, આપવાજોગ પુરક માહિતીની વિગતો, વિલંબ/ વિસંગતતા/ ઈનકાર/ હોય તો તેની સ્પષ્ટતા તથા **અપીલનાં મુદ્દા અંગે આપનો પક્ષ રજુ કરવા તથા માહિતીની હકીકત લક્ષી દફતરી વિગતો સ્પષ્ટ કરવા જાહેર માહિતી અધિકારી અને કયુરેટર શ્રી દિવ્યેશકુમાર એસ. ગામેતી, સાયન્સ સેન્ટર સુરત અને અરજદાર શ્રી મેહુલ વી પટેલને તા.૩૦/૧૦/૧૩ ના રોજ રૂબરૂ રજુઆત માટે હાજર રહેવા અપીલ અધિકારી અને ચીફ કયુરેટર દ્વારા સા.સે.આ.નં.૯૮૭, તા.૨૬/૧૦/૧૩ થી પત્ર પાઠવવામાં આવેલ હતો.**

અરજદાર દ્વારા ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી સુરત મહાનગરપાલિકાની મધ્યસ્થ કચેરીમાં તા.૦૭/૦૯/૨૦૧૩ ના રોજ કરવામાં આવેલ, જે અરજી સુરત મહાનગરપાલિકાની મધ્યસ્થ કચેરીનાં પત્ર ક્રમાંક સી/ ૨૫૯૦, તા.૧૦/૦૯/૨૦૧૩ થી સાયન્સ સેન્ટર સુરત ખાતે તબદીલ કરવામાં આવેલ, જે અરજીનાં તા.૧૭/૦૯/૨૦૧૩ ના રોજ સા.સે.ઈ.નં.૮૩૨ થી નોંધાયેલ હતી. આ અરજીનાં અનુસંધાનમાં જાહેર માહિતી અને કયુરેટર શ્રી દિવ્યેશકુમાર એસ. ગામેતીને આગળની જરૂરી કાર્યવાહી માટે તબદીલ કરેલ. સદર અરજીનાં સંદર્ભમાં જાહેર માહિતી અને કયુરેટર શ્રી દિવ્યેશકુમાર એસ. ગામેતી દ્વારા તા.૨૨/૦૯/૨૦૧૩ ના રોજ સા.સે.આ.નં.૮૬૮ થી અરજદારને માહિતી મોકલવામાં આવેલ, જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયમાં મળેલ પ્રતિભાવમાં અધુરી વિગત મળેલ છે તેવુ જણાવી અપીલ અરજી મધ્યસ્થ કચેરીમાં કરેલ, જે નં.ડી/૬૪૧૪, તા.૦૫/૧૦/૨૦૧૩ થી નોંધવામાં આવેલ, જે અપીલ અરજી મધ્યસ્થ કચેરીથી નં.સી/ ૩૨૩૮, તા.૧૭/૧૦/૨૦૧૩ થી અપીલ અધિકારી અને ચીફ કયુરેટર, સાયન્સ સેન્ટર સુરતને તબદીલ કરવામાં આવેલ. આ અરજી સા.સે.ઈ.નં. ૯૯૮, તા.૧૮/૧૦/૨૦૧૩ થી સાયન્સ સેન્ટર સુરત ખાતે નોંધાયેલ છે. આ અરજી બાબતેજાહેર માહિતી અને કયુરેટર શ્રી દિવ્યેશકુમાર એસ. ગામેતી તથા અરજદાર શ્રી મેહુલ વી. પટેલને પત્ર સા.સે.આ.નં.૯૮૭, તા.૨૬/૧૦/૨૦૧૩ થી રૂબરૂ રજુઆત અંગે તા.૩૦/૧૦/૨૦૧૩ ના રોજ અપીલ અધિકારી અને ચીફ કયુરેટરની ઓફિસે સવારે ૧૧:૦૦ કલાકે બોલાવવામાં આવેલ, જેમાં અરજદાર શ્રી હાજર રહેલ ન હતા. સદર રૂબરૂ રજુઆતમાં જાહેર માહિતી અને કયુરેટર શ્રી દિવ્યેશકુમાર એસ. ગામેતી દ્વારા રજુઆત કરવામાં આવેલ કે અરજદાર દ્વારા તા.૦૭/૦૯/૨૦૧૩ ની અરજીમાં માંગેલ માહિતીની સંપુર્ણ વિગતો આપવામાં આવેલ છે તથા અરજદાર દ્વારા અપીલ અરજીમાં વધારાની માહિતી માંગવામાં આવેલ છે, જે મૂળ અરજીમાં માંગેલ નથી. તેથી સદરહું

અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. આમ સદરહું બાબતે સાયન્સ સેન્ટર સુરત તરફથી અરજદારને જરૂરી બધી વિગતો પુરી પાડવામાં આવેલ છે.

## <u>હુકમ</u>

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં તા.૦૪/૧૧/૨૦૧૩ નાં રોજની અપીલ અરજી નં. C.C.C./ C.ZONE/ OUT/ 826 નો નીચે મુજબનો હુકમ કરી નિકાલ કરવામાં આવેલ છે.

"અરજદારની તા.૦૭/૦૯/૨૦૧૩ ની RTI અરજી હેઠળ માંગેલ માહિતી તેમજ પ્રથમ અપીલ અરજી હેઠળ માંગેલ માહિતીનાં અનુસંધાને અરજદાર તથા જાહેર માહિતી અને કયુરેટરને પત્ર સા.સે.આ.નં.૯૮૭, તા.૨૬/૧૦/૨૦૧૩ થી રૂબરૂ રજુઆત અંગે તા.૩૦/૧૦/૨૦૧૩ ના રોજ અપીલ અધિકારી અને ચીફ કયુરેટરની ઓફિસે સવારે ૧૧:૦૦ કલાકે બોલાવવામાં આવેલ, જેમાં અરજદાર શ્રી હાજર રહેલ ન હોય તથા જાહેર માહિતી અધિકારી તરફથી કરવામાં આવેલ રજુઆત ધ્યાને લેતાં એક તરફી નિર્ણય "અરજદારે માંગેલ માહિતી પુરેપુરી આપવામાં આવેલ હોય તથા અપીલ અરજીમાં માંગેલ માહિતી મૂળ અરજીમાં માંગેલ ન હોવાથી આ માહિતી આપવાની જરૂર રહેતી નથી, **<u>જે ધ્યાને લઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.</u>** આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ – ૨૦૦૫ ની કલમ – ૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ, પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં.૧૮, ગાંધીનગર – ૩૮૨ ૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

(ભામિની એ.મહિડા)
અપીલ અધિકારી અને ચીફ
કયુરેટર,
સાયન્સ સેન્ટર સુરત
સુરત મહાનગરપાલિકા.

સા.સે.આ.નં. ૧૦૧૭/૧
તા. ૦૪/૧૧/૨૦૧૩

ન.ર. : જાહેર માહિતી અધિકારી અને કયુરેટર, સાયન્સ સેન્ટર સુરત પ્રતિ, .................... જાણ સારૂ
ન.ર. : જાહેર માહિતી અધિકારી અને પ્રથમશ્રેણી કલાર્ક (સેન્ટ્રલ ઓફિસ) પ્રતિ, ................... જાણ સારૂ